વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૧૯-૫૩૪૭૯૨-ખા.ત.એ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૯-૧૨-૨૦૧૯

વંચાણમાં લીધો : સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪-૦૯-૧૯ ના ઠરાવ ક્રમાંક.ખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ.

## આમુખ :-

સરકારી અધિકારી/કર્મચારી સામે ચાલતી ખાતાકીય તપાસની કાર્યવાહી સરળ, ઝડપી, પરિણામલક્ષી અને બંને પક્ષોને સ્વીકાર્ય બને તે માટે "લોક અદાલત" જેવી પધ્ધતિ અપનાવી ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરવા માટે ઉકત વંચાણે લીધેલ ઠરાવની જોગવાઇઓ મુજબ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓ માટે અને વિભાગના ખાતાના વડાની કચેરીના વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસના કેસોના નિકાલ કરવા માટે સમિતિની રચના કરવાની બાબત વિભાગની વિચારણા માટે હેઠળ હતી.

## ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ઠરાવના ફકરા નં. ૩(૨) ની જોગવાઇ મુજબ આ વિભાગના ખાતાના વડાની કચેરીના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસો માટે પરિશિષ્ટ-૧ મુજબ ખાતાના વડાની સમિતિની રચના કરવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ઠરાવના ફકરા નં. ૩(૨) ની જોગવાઇ મુજબ વિભાગના ખુદના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના સામેના ખાતાકીય તપાસના કેસોના માટે પરિશિષ્ટ-૨ મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

૩. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરવા માટે પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબની સમિતિઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૦૯-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક. ખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ.માં દર્શાવેલ જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૪. ઉપર દર્શાવેલ સૂચનાઓ પોતાના નિયંત્રણ હેઠળના સર્વે અધિકારી/કર્મચારીઓના ધ્યાન પર લાવવા ખાતાના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૬-૧૨-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ : પરિશિષ્ટ-૧ અને ૨

નકલ રવાના :

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રીના (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (મહેકમ, વિ.જા.ક., અ.જા.ક.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (તપાસ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (રોસ્ટર/બજેટ, સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપસચિવશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ,બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ,બ્લોક નં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ – આ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ..
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૧૯-૫૩૪૭૯૨-ખા.ત.એ. નું બિડાણ:

---

## પરિશિષ્ટ-૧

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૦૯-૧૯ ઠરાવ ક્રમાંક.ખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ. ના ફકરા નં. ૩(૨) ની જોગવાઇ મુજબ વિભાગના ખાતાના વડાની કચેરીના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસો ના નિકાલ કરવા માટેની ખાતાના વડાની સમિતિ.

| ક્રમાંક | ખાતાનું નામ | ખાતાના વડાની સમિતિ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| (૧) | અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | (૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | અધ્યક્ષ |
| | | (૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |
| | | (૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું. | સભ્ય |
| (૨) | વિકસતી જાતિ કલ્યાણ ખાતું | (૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું | અધ્યક્ષ |
| | | (૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |
| | | (૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું. | સભ્ય |
| (૩) | સમાજ સુરક્ષા ખાતું | (૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું. | અધ્યક્ષ |
| | | (૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |
| | | (૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું | સભ્ય |

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૧૯-૫૩૪૭૯૨-ખા.ત.એ. નું બિડાણ:

---

## પરિશિષ્ટ-૨

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૦૯-૧૯ ઠરાવ ક્રમાંક.ખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ. ના ફકરા નં. ૩(૨) અન્વયે ની જોગવાઇ મુજબ આ વિભાગના ખુદના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસો ના નિકાલ કરવા માટેની સમિતિ.

| ક્રમાંક | સમિતિ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| (૧) | (૧) સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| | (૨) નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ અધિક સચિવશ્રી (મહેકમ ) | સભ્ય |
| | (૩) નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ અધિક સચિવશ્રી (સમાજ સુરક્ષા) | સભ્ય |